# SURAT URBAN DEVELOPMENT AUTHORITY
# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

"SUDA BHAVAN",
Near Collectorate,
Behind Govt. M/s. Building,
Nanpura, SURAT - 395 001.
Ph. : 471473, 472130, 476822
Fax : (0261) 472124

"સુડાભવન", કલેકટર કચેરીની નજીક,
બહુમાળી મકાનની પાછળ,
નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧.
ફોન : ૪૭૧૪૭૩, ૪૭૨૧૩૦, ૪૭૬૮૨૨
ફેકસ : (૦૨૬૧) ૪૭૨૧૨૪


નં.સુશવિસ/આયુ-ટી.પી.એસ.૧૯(પરવટ-મગોબ)/૬૨૨૮ તા. 28/10/2001
સુરત.

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪ નવમો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર.

વિષય:- મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૯(પરવટ-મગોબ)સુડા/સુરત ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૮(૧) મુજબ રાજય સરકારશ્રીને મંજુરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે તા.ચોર્યાસી ગામના મોટાભાગના વિકસીત વિસ્તારમાં નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં નગર રચના યોજના બનાવવા માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ની રૂબરૂ ચર્ચા તથા લેખિતમાં પરામર્શ કરેલ જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર ના પત્રનં. નરયો/સુરત નં.૧૯(પરવટ-મગોબ)/સુડા/દ.ગુ.૧૩૬૨૭ તા.૨૬-૫-૨૦૦૦થી પ્રસ્તૃત નગર રચના યોજનાની નક્કી કરેલ હદ માટે અનુમોદન આપેલ છે, જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળ તા.૨૧-૭-૨૦૦૦ની ૧૭૪મી બોર્ડ બેઠકના ઠરાવનં.૨૧૧૭થી (નકલ સામેલ છે) ઉક્ત અધિનિયમ ની કલમ-૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ જેના અનુસંધાને દૈનિક વર્તમાન પત્ર ગુજરાત મિત્ર માં તા.૧૭-૮-૨૦૦૦ના રોજ (નકલ સામેલ છે) તથા સ્થાનિક મહત્વની સરકારી/અર્ધસરકારી કચેરીઓ અને સંબંધિત વિસ્તારની અગત્યની જગ્યાઓ ઉપર (નકલ સામેલ છે) ઈરાદો જાહેર કરતા અધિસુચનની પ્રસિધ્ધિ કરવામાં આવેલ. ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજય પત્રમાં તા.૯-૮-૨૦૦૦ના રોજ ભાગ-૨ ના પાના નં.૧૧૦,૧૧૧ પર જરૂરી પ્રસિધ્ધ કરવામાં આવેલ તથા સરકારશ્રી નાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સત્તામંડળ ને તા.૫-૯-૨૦૦૦ના પત્ર નં.સુડા/આયુ-ટી.પી.એસ.૧૯(પરવટ-મગોબ)/૪૫૪૦ થી હદ/વિસ્તાર દર્શાવતો નકશો અધિસૂચન ની નકલ સહ પાઠવી સરકારશ્રી ને જાણ કરેલ છે.(નકલ સામેલ છે)

પ્રસિધ્ધ થયેલ ઈરાદા મુજબ, નક્કી થયેલ વિસ્તાર માટે જરૂર મોજણીઓ, માહિતી ની કાર્યવાહીઓ પૂર્ણ કરીને તેમજ 'રીકોસ્ટીટયુશન પ્લાન' તૈયાર કરીને સત્તામંડળમાં અન્ય કામગીરીના ભારણને ધ્યાને લઈ જેવી કે મુ.વિ.યો. ની દરખાસ્તો માં ફેરફાર, ભૂકંપને કારણે તેમજ નવા ડી.સી.આર. અને બિનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવા અંગેની કાર્યવાહી વિ. હોવાથી સમય મર્યાદામાં પૂર્ણ થઈ શકે તેમ ન હોવાથી અત્રેની કચેરીનાં બોર્ડ ની૧૭૭ મી બેઠક તા.૧૬-૩-૨૦૦૦ થી ઠરાવનં.૨૧૬૧ થી કાયદાકીય જોગવાઈઓ મુજબ વધુ ત્રણ માસની મુદત મળવા પાત્ર હોઈ, સરકારશ્રી ને મુદત વધારવા અંગેની દરખાસ્ત તૈયાર કરીને અત્રેની કચેરીના તા.૨૮-૩-૨૦૦૧ પત્ર નં.સુડા/આ/નરયો/૧૯(પરવટ-મગોબ)/

૨૯૫૮ થી મંજુરી માટે મોકલી આપવામાં આવેલ છે.(જેની નકલ સામેલ છે) જેના સંદર્ભે સેક્શન અધિકારીશ્રી, શ.વિ. અને શ.ગૃ.નિ.વિ. ગાંધીનગરના તા.૨૪-૭-૦૧ના હુકમ નં.ન.ર.ભ/૧૪૨૦૦૧/૧૩૮૩/લ થી ત્રણ માસની મુદત વધારી આપેલ છે. એટલે કે તા.૨૦-૭-૨૦૦૧ સુધીમાં કલમ-૪૨(૧) માં જણાવેલ તમામ કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. તે મુજબ નગર રચના યોજનાની આગળની કાર્યવાહી જરૂરી મોજણીઓ / માહીતી / કાર્યવાહી પૂર્ણ કરીને સત્તા મંડળ દ્વારા ઉક્ત અધિનિયમ ની કલમ-૪૨(૧) મુજબ તૈયાર કરેલ નગર રચના યોજનાનો મુસદ્દો / દરખાસ્તો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ ના નિયમ-૧૭ મુજબ જમીન માલિકોની એક સભા (ઓનર્સ મીટીંગ) બોલાવવાનું નક્કી થતાં તે અંગે સ્થાનિક દૈનિક વર્તમાન પત્ર સંદેશમાં તા.૩૦-૫-૨૦૦૧ ના રોજ પાના નં.૨ ઉપર જાહેરાત આપેલ. (નકલ સામેલ છે) સદરહુ નિયમ માં જણાવ્યા પ્રમાણે જમીન માલિકોના ઉપલબ્ધમાં સંબંધકો કે જેના સરનામાંની જાણ હતી તેને વ્યક્તિગત રીતે નોટીસો પાઠવી તે તથા સંબંધિત વિસ્તારમાં મહત્વની જગ્યાઓએ આ અંગેની જાહેર સૂચનાની પ્રસિધ્ધિ કરીને પ્રસિધ્ધ કરવામાં આવેલ (નકલ સામેલ છે) જે મુજબ તા.૨-૬-૦૧ના રોજ શનીવાર ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે વકીલવાડી, પૂણા-કુંભારીયા રોડ મુકામે જમીન માલિકો હીત સંબંધિત વ્યક્તિની મીટીંગ બોલાવવામાં આવેલી હતી. જે બાદ જરૂરી કાર્યવાહી કરી, ઉક્ત અધિનિયમ ની કલમ-૪૨(૧) મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના વિહિત રીતે પ્રસિધ્ધ કરવાનું સત્તામંડળ ની તા.૮-૬-૦૧ની બોર્ડ બેઠક નં.૧૭૮ માં ઠરાવનં.૨૧૭૭થી (નકલ સામેલ છે) ઠરાવવામાં આવેલ ઉક્ત અધિનિયમ ની કલમ-૪૨(૧) મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના અંગે વાંધા સૂચનો મંગાવવા માટે તા.૨૯-૬-૦૧ના અધિસૂચન નં.સુડા/સુ-૩/૯૮૩/ટી.પી.એસ/૧૯(પરવટ-મગોબ)/૪૫૬૧થી પ્રસિધ્ધ કરવામાં આવેલ(નકલ સામેલ છે)જેની સ્થાનિક દૈનિક વર્તમાન પત્ર ગુજરાત સમાચારમાં તા.[illegible]-૦૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે(નકલ સામેલ છે). તથા ગુજરાત સરકારશ્રી નાં એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટનાં ભાગ-૨ ઉપર તા.૪-૭-૦૧નાં રોજ પાના નં.૭૬ ઉપર પ્રસિધ્ધ થયેલ છે(નકલ સામેલ છે) જે અન્વયે ઓનર્સ મીટીંગ બાદ સ્કીમ પ્રસિધ્ધ થવાની તારીખ થી ઉક્ત કાયદાની કલમ-૪૮(૧) હેઠળ જરૂરી માહીતી વિગેરે સહ સરકારશ્રી ને સાદર કરવાની મુદત તા.૪-૧૦-૨૦૦૧ ના રોજ પૂરી થાય છે. આથી સત્તામંડળ ની તા.૨૮-૯-૨૦૦૧ની બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ ઠરાવ નં. ૨૨૦૬ થી (નકલ સામેલ છે) પ્રસ્તુત નગર રચના યોજના ની આગળની તમામ કાયદેસર ની કાર્યવાહી કરવા આપેલ સૂચના અન્વયે સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૯(પરવટ-મગોબ)/સુડા/સુરત, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રી માં મંજૂરી અર્થે સાદર કરવામાં આવલ છે. અને આ અંગે આવેલ વાંધા સૂચનો ના ગુણદોષ તે અંગે સ્થળ ચકાસણી અને કાયદાકીય જોગવાઈઓ લક્ષે લઈ જરૂરી સુધારા-વધારા કરી પત્રકો ની વિવરણની વિગતો એ ફેરફાર કરી તદાન્વયે જરૂરી સાહીત્ય તથા મૂળ વાંધાસૂચનો (અસલ એક અરજી) સામેલ રાખી રાજ્ય સરકારશ્રીને તથા અસલ અરજી ની ઝેરોક્ષ નકલો પૃથ્થકરણ કરી અન્ય સેટમાં સામેલ રાખેલ છે. વધુમાં વિકાસ યોજનાનો વિભાગીય નકશો નગર રચના યોજનાની હદ સહિત આ સાથે સામેલ રાખેલ છે.

આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનોહદ વિસ્તાર અંગે અથવા યોજના મંજુર કરવા બાબતે નામદાર કોર્ટનાં કોઈ મનાઈ હુકમ થયેલ જણાતો નથી. તેમજ હાલ કોઈ કોર્ટ મેટર પણ ચાલુ નથી.

સદર હકીકતે ઉક્ત યોજનાને કાયદાકીય કલમ-૪૮(૧) ની જોગવાઈઓએ નિયત સમય મર્યાદામાં રાજય સરકારશ્રીની મંજુરી આપી તેને અંતિમ કરવા સારૂ નગર રચના અધિકારીશ્રી નિમણૂંક કરવા પણ વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

મુખ્ય કારોબારી અધિકારી

સુરત શહેરી વિકાસ સત્તામંડળ

સુરત.

બિડાણ:-

૧) ઉપર મુજબના પાના નં. ૧ થી ૪૮

૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો આમેજ કરતો ચોપડો નં.-૧ જેમાં

ક) લીગલ ફોર્માલીટીઝ એન્ડ ડોક્યુમેન્ટસ

ખ) ઈન્ટ્રોડક્શન અને સેલાઈન્ટ ફીચર્સ

ગ) વેલ્યુએશન સ્ટેટમેન્ટ અને કપાતના ધોરણ નું પત્રક

ઘ) સેલ્સ સ્ટેટમેન્ટ

ચ) ફોર્મ-એફ (રીડીસ્ટ્રીબ્યુશન અને વેલ્યુએશન પત્રક)

છ) ફોર્મ-જી (ફાયનાન્સ અને કામના અંદાજો)

જ) વિકાસ નિયંત્રણ નિયમો । નોંધ)

ઝ) ઈન્ડેક્ષ પ્લાન

ટ) મુળખંડ નો નકશો

ઠ) મુળખંડ તથા અંતિમ ખંડ નો નકશો

ડ) અંતિમ ખંડ નો નકશો

ઢ) સર્વિસ પ્લાન

ણ) સેલ્સ પ્લાન

૩) જાહેર જનતા તરફથી મળેલ વાંધા સુચનો ની મુળ અરજીઓ (સેટ-૧) તથા અન્ય એક સેટ ઝેરોક્ષ પૃથ્થકરણ પત્રક સાથે

નગર નિયોજકશ્રીની કચેરી
ન. આ. અને ગ્રૃ. ખાતુ
બ્લો નં. ૧૪, જુના સચિવાલય
ગાંધીનગર
આ નં. તારીખ